# શંકરસિંહ વાઘેલાનું અર્થકારણ અને રાજકારણ સંમિશ્રિત ચોટદાર પ્રવચન

## વિપક્ષી નેતાએ ગૃહમાં સૂત્રો પોકારાવતાં સત્તાધારી પક્ષમાં સોપો પડી ગયો હતો : સૌરભ પટેલે વિકાસ માટે વધુ નાણાં અપાતા હોવાનુ બચાવનામુ રજુ કર્યું

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભામાં આજથી વર્ષ ૨૦૧૭-૧૮ના રજુ થયેલા અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે એક અજબ ઘટના બની હતી. વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તેમના પ્રવચનના સમાપનમાં ભાજપની નિષ્ફળતાને છતી કરતા સૂત્રો બોલાવ્યા હતા.

આજે તેમનુ પ્રવચન અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટેનું આ ટર્મનું અંતિમ પ્રવચન હતુ. તેમનું આ પ્રવચન ખુબજ અસરકારક અને ચોટદાર હતુ. રાજકારણ અને અર્થકારણને સાંકળી એક અભ્યાસુ રાજનીતિજ્ઞની તેમની છાપને વધુ દ્રઢીકરણ કરે તેવુ હતુ.

તેમણે તેમના પ્રવચનમાં માથાદીઠ આવક અને મનરેગાનો હિસાબ જે રીતે રજુ કર્યો તે તો તેઓ કેટલા ગણિત પ્રેમી છે તે દર્શાવી જાય તેવી બાબત હતી. તેમણે પાવર પ્રોડકક્ષન, જી.ડી.પી. દર અને કૃષિ ઉત્પાદન તેમજ બેરોજગારીની નિકાસમાં ગુજરાતની વાત કરી અર્થકારણને તેઓએ કેટલુ પચાવ્યુ છે તેની અમીટ છાપ જોવા મળતી હતી.

વાઘેલા તેમના પ્રવચનમાં સરકારના આંકડાઓનો જ આધાર આપી સરકારની પોકળતાને છતી કરી હતી. તેમણે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યુ હતુ કે મનરેગા અંતર્ગત માત્ર બે દિવસ રોજગારી સરેરાશ આપવામાં આવી છે. નિકાસને લઈ પણ તેમણે કેટલીક ચોંકાવનારી વિગતો ગૃહ સમક્ષ રજુ કરી હતી.

શંકરસિંહ વાઘેલાએ પાંચેય વર્ષમાં અંદાજપત્ર પરની તેમની ચર્ચામાં ખેત ઉત્પાદનની વાતો કરી છે અને દરે વખતે ખેડૂતોના હિતમાં સરકાર નિર્ણય લેવામાં ઉણી ઉતરી હોવાની રજુઆતો કરી છે જે ઉલ્લેખનીય છે.

અંદાજપત્ર પરની ચર્ચામાં તેમણે સરકારના જ પ્રકાશનોને ટાંકવા તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા આંકડાઓ અને રિઝર્વ બેંકના આંકડાઓ ટાંક્યા હતા.

પ્રવચનના અંતિમ તબક્કામાં તેમણે સરકારના નં. ૧ ની વાત કરી રાજ્યમાં ચાલતી ગુનાખોરી, ભ્રષ્ટાચાર તેમજ અન્ય બાબતોને આવરી લઈ સૂત્રોચ્ચાર કરાવ્યો હતો. જે વિધાનસભા ગૃહમાં સામાન્યતઃ વિપક્ષી નેતા આ બધાથી પર રહેતા હોવાની પરંપરાને બદલે કરાવ્યા હતા.


**વિધાનસભાના દ્વારેથી**
- પ્રકાશ જહા

આ પછી સૌરભ પટેલને સરકારે બચાવમાં ઉતાર્યા હતા અને તેમણે વહીવટીય ખર્ચ ઘટી અને વિકાસમાં વધુ નાણાં ખર્ચાતા હોવાની વિગતો રજુ કરી હતી.

કોંગીના શક્તિસિંહ ગોહિલે પણ આજે એટલુ જ ચોટદાર પ્રવચન કરી નર્મદા અને અન્ય મુદ્દાઓને આવરી લીધા હતા.

**● અને છેલ્લે...**

આજે ગૃહમાં ૧૧૬ પરનો પ્રસ્તાવ ૫૦ મિનિટથી પણ વધુ ચર્ચાયો હતો.

# ગૃહની કામગીરી નિહાળવા નારીશક્તિનો પ્રવાહ

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીની આજે વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવેલી ભરૂચ જિલ્લાની ગ્રામીણ નારીશક્તિએ મુલાકાત લીધી હતી. વિજય રૂપાણીએ ૧૫૦૦ ઉપરાંતની આ બહેનો માતાઓને રાજય સરકારે ભરૂચ જિલ્લામાં આકાર લેનારી ૪૦૫૦ કરોડની ભાડભુત યોજના માટે આ વર્ષના અંદાજપત્રમાં ૧૦૦ કરોડની ફાળવણી કરી છે તેની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે લોકમાતા નર્મદાના વહી જતા પાણીને આ ભાડભુત બેરેજ દ્વારા રોકીને જંબુસર, વાગરા સહિતના વિસ્તારોમાં નર્મદાના પાણી સિંચાઈ પીવા માટે પહોંચાડવા સરકારે બહુઆયામી આયોજન કર્યું છે. આ નારીશક્તિને મુખ્યમંત્રીએ બજેટમાં કરવામાં આવેલી ૫૬ હજાર કરોડની મહિલા કલ્યાણ યોજનાઓ, વરિષ્ઠ વડિલો માટે યાત્રાધામોની તીર્થની મુલાકાત

● અનુસંધાન પાન-૭ પર



નિંદનીય કૃત્ય : ગાંધીનગરમાં પ્રત્યેક પાનખર ઋતુમાં જાહેરમાં પાંદડા સળગાવવાની કામગીરી મનાઈ હોવા છતાં ખુલ્લેઆમ કરાય છે... સુપ્રીમ કોર્ટે જાહેરમાં કચરો નહિ સળગાવવાના સ્પષ્ટ આદેશ આપ્યા હોવા છતાં રાજ્યના પાટનગર ગાંધીનગરમાં જ સત્તાતંત્રના આંખ આડા કાન વચ્ચે સફાઈ કામદારો જાહેરમાં પાંદડાના ઢગલા કરી વન વિભાગના આરક્ષિત વિસ્તારમાં જ સળગાવાય છે... આ કેમ ચલાવાય છે, કેવી રીતે ચલાવાય છે, કોણ ચલાવે છે...? આ તમામ પ્રશ્નો વર્ષોથી અનઉત્તર રહ્યા છે... મનપા કે પાટનગર યોજના તંત્ર આ સંદર્ભે ગંભીર બને અને પાટનગરને પ્રદૂષણ મુક્ત બનાવવાના પ્રયાસોને બળ આપે એવી અપેક્ષા અસ્થાને નથી....

# ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની મહિલા સરપંચો પણ ગાંધીનગર આવી રહી છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં હવે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર તેમજ પૂર્વોત્તર રાજ્યની મહિલા સરપંચો આવશે.

૮મીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સ્તરની વિશ્વ મહિલા દિવસની ઉજવણીમાં ભાગ લેવા આ મહિલા સરપંચો આવી રહી છે.

દેશભરમાંથી આવનારી મહિલા સરપંચો માટેના સ્વાગતથી લઈ અને ગ્રામ્ય વિસ્તારના તેમના પ્રવાસ આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં દેશના ૮ રાજ્યોની મહિલા સરપંચોના આવાસની વ્યવસ્થા કરવામાં આવશે અને આ માટે ૮ સ્થાનોની પસંદગી કરી લેવામાં આવી છે.

આ મહિલા સરપંચોને ૫૦-૫૦ની ટીમો બનાવી ચારેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રવાસ કરાવાશે. જ્યાં વિકાસના કામો બતાવાશે.

આ મહિલા સરપંચોને ખાસ મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણની વાત પણ બતાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. જે ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે લઈ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની ૭૫ મહિલા સરપંચો અધિવેશનમાં હાજરી આપશે

ગાંધીનગર, તા. ૩

૮મીએ મહાત્મા મંદિર ખાતે યોજાનાર મહિલા સરપંચોની બેઠકમાં જિલ્લાની ૭૫ મહિલા સરપંચો હાજરી આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીયસ્તરની વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે મહિલા સરપંચો દેશભરમાંથી આમાં હાજરી આપવા આવવાની છે.

જિલ્લામાં તાજેતરમાં સંપન્ન થયેલ પંચાયતોની ચૂંટણીમાં ૯૨ મહિલા સરપંચો વિજઈ થઈ છે. આમાંથી ૭૫ મહિલા સરપંચો આ સંમેલનમાં જિલ્લાના પ્રતિનિધિ તરીકે હાજરી આપનાર છે. ચારેય તાલુકામાંથી મહિલા સરપંચોની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં બે વર્ષમાં ૩૬ તળાવો ઉંડા કરવા ૧.૯૫ કરોડ ખર્ચાયા

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો તે અંગે કલોલના ધારસભ્ય બળદેવજી ઠાકોરે પ્રશ્ન રજુ કર્યો હતો. વિધાનસભામાં રજુ થયેલા પ્રશ્નનો ઉત્તર જળસંપત્તિ મંત્રી કક્ષાએ રજુ કરાયો હતો. જેના જવાબમાં જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લામાં ૩૬ તળાવોને ઉંડા કરવામાં આવ્યા છે. જયારે આ માટે ૧.૯૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૫ દરમિયાન ગાંધીનગર તાલુકામાં ૪ ,દહેગામ તાલુકામાં ૨,માણસા તાલુકામાં ૧ તળાવ ઉંડુ કરવામાં આવ્યુ હતુ જયારે આ કામગીરી પાછળ રૂ ૩૯.૯૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વર્ષ


**વિધાનસભામાં ગાંધીનગર**
- ધનંજય જોષી

૨૦૧૬ માં ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૧૬, માણસામાં ૬ , અને કલોલમાં ૧ તળાવ ઉંડુ કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.

**ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા માટેની ૧૩૬૨ અરજીઓ પડતર**

ગાંધીનગર જિલ્લામાં ખેતવિષયક વિજજોડાણની અરજીઓ કેટલી પડતર છે? તે અંગે સાણંદના ધારસભ્ય કરમશી પટેલે પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં ઉર્જામંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં ૧૩૬૨ કૃષિ વિજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે. જયારે આ પૈકી ૪૭૮ અરજીઓ છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે. કૃષિ વિજજોડાણ અંગેની નોંધણી અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વિજ જોડણની નોંધણી અને વિજજોડાણ આપવાની પ્રક્રીયાએ સતત ચાલતી પ્રક્રીયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની માળખાગત સુવિધા વિજ વિતરણ વ્યવસ્થા અને વિજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે તેમ પણ ઉત્તરમાં જણાંવાયુ હતુ.

**બે વર્ષમાં બિયારણના ૪૬૪ નમુના લેવાયા : ૧૫ નમુના બિનપ્રમાણિત થયા**

જિલ્લામાં બિયારણના કેટલા નમુના લેવાયા અને આ પૈકી કેટલા બિનપ્રમાણિત થયા તેમજ ગુણવત્તા નિયંત્રણ અંગે શુ પગલા લેવાયા ? તે અંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં કૃષિ મંત્રી જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષ દરમિયાન ૩૬૭ નમુનાઓ લેવામાં આવ્યા હતા. જયારે આ પૈકી ૩૫૪ નમુના પ્રમાણિત થયા હતા અને ૧૩ નમુના બિન પ્રમાણિત થયા હતા. જયારે બિન પ્રમાણિત નમુનાઓના કિસ્સામાં ૪ કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાયો છે. ૧ કીસ્સામાં વહીવટી પગલા લેવાયા છે.જયારે ૬ કીસ્સામાં એફ આર આઈ દાખલ કરવામાં આવી છે.આ ઉપરાંત દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદીન શેખે રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાંવ્યુ હતુ કે બે વર્ષમાં જિલ્લામાં ખાનગી બીજ ઉત્પાદકો પાસેથી બિયારણના ૯૭ નમુના લેવાયા હતા. જયારે આ પૈકી ૯૫ નમુના પ્રમાણિત અને ૨ નમુના બિન પ્રમાણિત થયા હતા.

# આંતરરાષ્ટ્રીય વક્તા બીકે શિવાની આવતીકાલે શહેરના અતિથિ

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં 'જીવનના એક્સ-રે' વિષય પર રવિવારે વ્યાખ્યાન આપશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં પોતાના વક્તવ્ય માટે બ્રહ્માકુમારી શિવાની દીદી ગાંધીનગર આવી રહ્યાં છે. પાંચમી માર્ચ ને રવિવારે સવારે ૧૦ કલાકે મૅડિકલ કૉલેજ ઑડિટોરિયમ, સિવિલિ હૉસ્પિટલ કૅમ્પસ, સૅક્ટર-૧૨ ખાતે 'જીવનનો ઍક્સ-રે' વિષયે એમનું પ્રવચન આયોજિત કરવામાં આવ્યું છે.

શિવાની દીદીનું મૂળ નામ શિવાની વર્મા અને એમનો જન્મ ૧૯૭૨માં પૂનામાં થયો. પહેલાં બ્રહ્માકુમારીનાં પ્રશિક્ષક તરીકે તેમણે કામગીરી કરી અને હવે તો આધ્યાત્મિક અને પ્રેરણાદાયી વક્તા તરીકે એમની નામના દેશના સીમાડા પાર કરી ગઈ છે. તેઓ બ્રહ્માકુમારીઝ વર્લ્ડ સ્પીરીચ્યુઅલ યુનિવર્સિટીનાં સભ્ય તરીકે પોતાની સેવાઓ દેશ-દુનિયાને આપી રહ્યાં છે.

આસ્થા ચૅનલ પર પોતાના બહુ વખણાયેલા ને જોવાતા કાર્યક્રમ 'અવેકનિંગ વિથ બ્રહ્માકુમારીઝ'થી એમની પરખ દેશ-દુનિયાને થઈ છે. આ કાર્યક્રમથી લોકો એ બાબતથી અવગત થયા છે કે કોઈપણ પ્રેરણાત્મક કે ભાવાત્મક વિષય પર શિવાની દીદીની પકડ અદ્ભૂત છે અને એમની વાણીનો પ્રવાહ ભલભલાને ભાવજગતમાં ખેંચી જાય તેવો છે.

ઈલૅક્ટ્રોનિક ઍન્જિનીયરિંગમાં



ગ્રૅજ્યુએશન પૂર્ણ કરનાર શિવાની દીદી પૂના યુનિવર્સિટીનાં ગોલ્ડ મૅડાલિસ્ટ વિદ્યાર્થીની છે. તેમણે પૂનાની ભારતી વિદ્યાપીઠ કૉલેજ ઑફ ઍન્જિનીયરિંગમાં બે વર્ષ લૅક્ચરર તરીકે પોતાની સેવાઓ પણ આપી છે. બ્રહ્માકુમારીઝમાં જવાની તેમની ઈચ્છા બાળપણથી જ હતી અને તેમણે બાળપણમાં આ વિશે પોતાનાં માતા-પિતાને પૂછ્યું પણ હતું પરંતુ કોઈ સકારાત્મક જવાબ નહોતો મળ્યો. પરંતુ, એ કારણે એ ઈચ્છા મરી નહોતી પરવારી. આખરે ૨૩ વર્ષની વયે એમણે જાતે નિર્ણય કર્યો અને બ્રહ્માકુમારીઝ સાથે જોડાયાં.

તેમણે બ્રહ્માકુમારીઝના વર્કશૉપથી શરૂઆત કરી. પછી બ્રહ્માકુમારીઝના દિલ્હી સોની ટીવી માટેના કાર્યક્રમમાં તેમણે પશ્ચાદભૂમિકામાં કામ શરૂ કર્યું.

● અનુસંધાન પાન-૭ પર






જડબેસલાક બંદોબસ્ત - વિધાનસભા સંકુલમાં રાજ્ય ગૃહમંત્રી પર ચપ્પલ ફેંકાવાની ઘટનાને પગલે શુક્રવારે જડબેસલાક બંદોબસ્ત ગોઠવાયો હતો... ગૃહના તમામ પ્રવેશ દ્વારો પર તથા સંકુલના તમામ માર્ગો પર પોલીસ ચાંપતી નજર રાખતી ગોઠવાઈ હતી... મુલાકાતીઓ, પત્રકારો તથા રાજકીય આગેવાનોના ઓળખપત્રોની ઝીણવટભરી ચકાસણી કરાતી હતી...

# સફળતાના માપદંડને માપવાની કોંગ્રેસની ફુટપટ્ટી નાની છે : ભુપેન્દ્રસિંહ

## ગુજરાતનો વિકાસ કોંગ્રેસને દેખાશે નહીં : અદાજપત્ર ઉપરની ચર્ચા દરમિયાન ચુડાસમાએ વિપક્ષને પ્રત્યુત્તર આપ્યો

અમદાવાદ, તા.૩

લોકતત્રમાં જનતા જનાર્દનનો ચુકાદો અને જે તે પક્ષને મળતુ જનસમર્થન એ જ સફળતાની નિશાની છે ત્યારે ગુજરાત અને કેન્દ્રમાં ભાજપ સરકારે આવી જ સાતત્યપૂર્ણ સફળતાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કુશળ અને દૃષ્ટિપૂર્ણ નેતૃત્વે ગુજરાત અને સમગ્ર દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે, પરંતુ વિપક્ષ કોંગ્રેસને ગુજરાત અને સમગ્ર દેશની સફળતા ક્યારેય નહીં દેખાય, કારણ કે આ સફળતાના માપદડને માપવા માટે વિરોધપક્ષ કોંગ્રેસની ફુટપટ્ટી ધણી નાની છે, એટલે કેન્દ્ર અને ગુજરાતની ભાજપા સરકારની સફળતા સિધ્ધિઓને તે ક્યારેય માપી શકશે નહી, તેમ મહેસુલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં અદાજપત્ર પરની ચર્ચા દરમિયાન વિરોધપક્ષના આક્ષેપો, અને આલોચનાઓનો આક્રમક ઉત્તર વાળતા જણાવ્યુ હતું. વિધાનસભા ગૃહમાં અદાજપત્ર પરની ચર્ચા દરમિયાન વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા અને વિપક્ષી સભ્ય શક્તિસિંહએ કરેલી ચર્ચાનો પ્રત્યુત્તર વાળતા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સરદાર સરોવર પર દરવાજા મુકવાની મંજુરી તત્કાલીન યુપીએ સરકારે આપી નહોતી. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા બાદ માત્ર ૧૭ દિવસના ગાળામાં જ સરદાર સરોવર બધ પર દરવાજા મુકવાની મંજુરી આપીને સરદાર સરોવર યોજના માટેની પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. જો કોંગ્રેસને નર્મદા યોજનાની આટલી ચિતા થાય છે તો દરવાજા મુકવાની

● અનુસંધાન પાન-૭ પર

**વાલમ બ્રાહ્મણ બેસણું**



અમારા પિતાશ્રી જનાર્દન શાંતિલાલ જોષીનું તા. ૧-૩-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૪-૩-૨૦૧૭ શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

નિવાસ : "શાંતમ્" પ્લોટ-૩૦૫, પુછપરછ કચેરી પાસે, સેક્ટર-૨૦, ગાંધીનગર.
(ઘર) ૦૭૯ ૨૩૨ ૬૦૫૫૬ (મો) ૯૪૨૬૩ ૬૭૦૧૯

કુમુદબેન જે. જોષી (પત્ની) | ભાર્ગવ જે. જોષી (પુત્ર) | અજયકુમાર જે. જોષી (પુત્ર)
મનોજકુમાર જે. જોષી (પુત્ર) | હર્ષ મનોજકુમાર જોષી (પૌત્ર) | ઉત્સવ ભાર્ગવ જોષી (પૌત્ર)

તથા સ્વ. શાસ્ત્રીજી શાંતિલાલ ભવાનીશંકર જોષી પરિવાર

**જગ્યા ભાડે આપવાની છે**

ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com